# સબસિડીવાળા ગેસ સિલિન્ડર આપવાના નિર્ણયમાં કોઈ સુધારો નહી

નવી દિલ્હી,તા. ૧૪

તહેવારની સિઝનમાં સામાન્ય અને ગરીબ વર્ગને રાહત મળે તેવી કોઈ શક્યતા દેખાઈ રહી નથી. સરકારે આજે સાફ શબ્દોમાં કહ્યું હતું કે એક વર્ષમાં એક પરિવારને સબસિડીવાળા માત્ર છ જ એલપીજી સિલિન્ડર આપવાના તેના નિર્ણયમાં કોઈ સુધારો કરાશે નહી. આ નિર્ણયને પરત ખેંચવાનો પણ કોઈ પ્રશ્ન નથી. છેલ્લા થોડાક દિવસમાં એવી અટકળો ચાલી રહી હતી કે સરકાર સબસિડીવાળા ગેસ સિલિન્ડરોની સંખ્યા વધારીને વર્ષમાં ૧૨ કરી શકે છે. પરંતુ સરકારે આજે નિવેદન કરી છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી અટકળોનો અંત આણી દીધો છે. સરકારે કહ્યું છે કે તમામ નિર્ણય હાલમાં સુધારા પગલાના ભાગરૂપે જ લેવામાં આવ્યા છે. જેથી તેમાં કોઈ ફેરફાર કરાશે નહી. સરકારી સુત્રોએ કહ્યું છે કે લોકોમાં ભારે નારાજગી હોવા છતાં નિર્ણયમાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહી નહી. અત્રે ઉલ્લેખનીય છે કે સરકારે ૧૩મી સપ્ટેમ્બરના દિવસે સબસિડીવાળા એલપીજીની સંખ્યા એક પરિવાર માટે મર્યાદિત કરવાનો કઠોર નિર્ણય કર્યો હતો. સરકારે એમ પણ કહ્યું હતું કે વધતા જતા સબસિડી બિલને કાબુમાં લેવા માટે સરકારે આ નિર્ણય કર્યો છે. સરકારે કહ્યું હતું કે સબસિડીવાળા છ ગેસ સિલિન્ડરથી વધારે જે પરિવારને જરૂર પડે છે તે પરિવારને માર્કેટ કિંમતે તેની ખરીદી કરવી પડશે. આ નિર્ણયથી દેશભરમાં ભારે નારાજગીનું મોજુ ફરી વળ્યું હતું. આવી જ રીતે પરિવારને દિલ્હીમાં ૪૧૦.૪૨ના સબસિડીના દરે છ સિલિન્ડરો આપવામાં આવશે. જ્યારે સાતમા ગેસ સિલિન્ડર માટે પરિવારને ૮૯૫.૫ રૂપિયાની ચુકવણી કરવી પડશે.સુત્રોએ કહ્યું છે નિર્ણયમાં કોઈ ફેરફાર કરવાથી માઠી અસર



થશે. સુત્રોએ કહ્યું છે કે જો આ નિર્ણયમાં ફેરફાર કરવામાં આવશે તો રીટેલમાં એફડીઆઈ જેવા નિર્ણયમાં ફેરઉફાર કરવા માટે પણ દબાણ આવી શકે છે. બીજી બાજુ પેટ્રોલિયમ પ્રદાન જયપાલ રેડ્ડીએ કહ્યું છે કે આ વિષય પર તેઓ હાલ કોઈ ટિપ્પણી કરવા માંગતા નથી. જો કે તેમણે કહ્યું હતું કે હાલમાં પરિવારની જરૂરીયાત કેટલી છે તેમાં અભ્યાસ કરવામાં આવશે. આંકડા એકત્રિત કરી લેવામાં આવ્યા આવ્યા બાદ તેમાં સુધારા કરવામાં આવશે. પત્રકારો સાથે વાતચીત કરતા તેમણે વધારે કોઈ વાત કરી ન હતી. પહેલી એપ્રિલ ૨૦૧૩થી એલપીજી ગ્રાહકોને પ્રતિ નાણાંકીય વર્ષ સબસિડીવાળા છ ગેસ સિલિન્ડર જ આપવામાં આવનાર છે. તેમણે કહ્યું હતું કે સ્થાનિક બિન સબસિડીવાળા ગેસ સિલિન્ડર પર કોઈ પણ મર્યાદા લાદવામાં આવી નથી.પરિવાર તેમની જરૂરીયાત મુજબ ખરીદી કરી શકે છે.

## ભારત-બાંગ્લાની વચ્ચે આજે મહત્વપૂર્ણ ચર્ચા

નવી દિલ્હી,તા. ૧૪

ભારત અને બાંગલાદેશ વચ્ચે આવતીકાલથી ગૃહ સચિવ સ્તરની મંત્રણા શરૂ થઈ રહી છે. આ વાતચીતમાં ત્રાસવાદને રોકવા, ઉલ્ફાના નેતા અનુપ ચેટિયા અને અન્ય મામલે વિસ્તારપૂર્વક ચર્ચા કરવામાં આવે તેવી શક્યતા છે. ભારતના કેન્દ્રિય ગૃહ સચિવ આરકે સિંહે કહ્યું હતું કે તેઓ તેમના બાંગલાદેશના સમકક્ષ સાથે વાતચીત કરનાર છે. મંજૂર હુસૈન સાથે આ વાતચીત થનાર છે. વાતચીતમાં ઘુસણખોરી, દાણચોરી અને અન્ય તમામ જટિલ પાસાઓ પર ચર્ચા થશે. બેઠક ખુબ સાનુકુળ અને શાંતિપૂર્ણ માહોલમાં યોજાનાર છે. વાતચીતને લઈને બન્ને દેશો પહેલાથી જ પોત પોતાના એજન્ડાને આખરી ઓપ આપી ચુક્યા છે.

સત્તાવાર સુત્રો કહ્યં છે કે આ વાતચીત દરમિયાન સિંહ ત્રિપુરાની સરહદની નજીક સ્થિત અખૌરા ખાતે જશે. ત્યારબાદ ઢાકા જશે. સચિવ સ્તરની વાતચીત માટે રૂપરેખા તૈયાર કરવા માટે આજે અધિકારી સ્તરની સંયુક્ત કારોબારી જુથની બેઠક યોજાઈ હતી. જેમાં જુદા જુદા પાસા પર ચર્ચા કરવામાં આવી હતી. આવતીકાલથી શરૂ થતી વાતચીતમાં ભારત ઢાંકામાં ઉલ્ફાના નેટવર્કના સંબંધમાં વાતચીત કરે તેવી વકી છે. સંબંધોને વધુ સામાન્ય બનાવવાને લઈને બન્ને દેશો પહેલાથી સક્રિય રહ્યા છે.

## આ વર્ષે વિમાની ભાડામાં ૧૦-૧૫ ટકાનો વધારો

મુંબઈ,તા. ૧૪

દિવાળી પર પ્રવાસ કરવા ઈચ્છતા લોકો માટે નિરાશાજનક સમાચાર છે. કારણ કે તહેવારની સિઝનમાં ફરી એકવાર ઉંચા વિમાની ભાડા જોવા મળી રહ્યા છે. પ્રવાસ નિષ્ણાંતોનું કહેવુ છે કે ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે વિમાની ભાડામાં ૧૦-૧૫ ટકાનો વધારો થઈ ચુક્યો છે. જેથી મુંબઈથી કોલકત્તા, દિલ્હીથી મુંબઈ, ઈન્દોરથી લખનૌ સહિત તમામ રૂટ પર યાત્રીઓને રાઉન્ડ ટ્રીપ માટે ૧૦૦૦૦ ૧૨૦૦૦ રૂપિયા આપવાની તૈયારી રાખવી પડશે. આ સ્થળો પર જવા કેટલાક ભાડા તો ૧૫૦૦૦થી ૧૭૦૦૦ વચ્ચેના એક બાજુના છે. સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કે દિલ્હીની રાઉન્ડ ટ્રિપ માટે ભાડા ખુબ ઉંચા દેખાઈ રહ્યા છે. મુંબઈથી દિલ્હીના પખવાડિયામાં કોઈ પણ જગ્યાએ જવા માટે ભાડુ ૧૫૦૦૦થી ૧૭૦૦૦ની આસપાસ રહેશે. જ્યારે



કોલકત્તાની ટ્રિપ અને બેક માટે કિંમત ૧૭૦૦૦થી ૨૦૦૦૦ વચ્ચે છે. આ બાબત ફ્લાઈટના સમય પર આધારિત છે. ચેન્નાઈની ફ્લાઈટ માટે ભાડુ ૧૧૦૦૦થી ૧૩૦૦૦ વચ્ચેછે. ટાયર બે શહેરો માટે ફ્લાઉટ ટિકિટ પણ મોંઘી છે. મુંબઈથી જયપુર રીટર્ન ટિકિટ ભાડ૧૪૦૦૦-૧૫૦૦૦ વચ્ચે છે. જ્યારે લખનૌ માટે રિટર્ન ટિકિટ ભાડુ ૧૮૦૦૦ વચ્ચે છે. ટુંકમાં તમામ જગ્યાએ હાલમાં જવા માટે ગયા વર્ષની સરખામણીમાં કુબ મોટી કિંમત ચુકવવી પડશે. ન્યુ રૂટ પર પર પણ ભાડા ખુબ ઉંચા છે.ઓછા ફ્લાઈટ વિકલ્પના કારણો ભાડામાં વધારો થયો ચે. સવારમાં અતવા તો સાંજે ફ્લાઈટમાં ભાડા વધારે છે. દિલ્હી જેવા શહેરામાં સામાન્ય રીતે ભાડા ૧૨૦૦૦ રહે છે. કિંગફિશર જેવી એરલાઈન્સની સેવા બંધ છે એવી સ્થિતીમાં વિકલ્પ ઓછા થઈ ગયા છે. ઓછા વિકલ્પના કારણે અન્ય એરલાઈન્સ વધારે ટિકિટ દર લે છે તેવી ફરિયાદ પણ કેટલાક લોકો કરી રહ્યા છે. ગયા વર્ષે સપ્ટેમ્બર સુધી કિંગફિશરે ૯૦૦૦ સ્થાનિક ફ્લાઈટ ઓપરેટ કરી હતી. આ સંખ્યા મે સુધી ઘટીને ૩૦૦૦ થઈ હતી. હવે લોકઆઉટની સ્થિતીમાં સ્થિતી વણસી છે.

ઓક્ટોબર મહિનામાં જંગી રોકાણ

## ઓફઆઈઆઈ દ્વારા દસ હજાર કરોડ ઠલવાયા છે

મુંબઈ,તા. ૧૪

વિદેશી રોકાણકારોએ ભારતીય શેરબજારમાં તેમનો વિશ્વાસ જાળવી રાખ્યો છે. ઓક્ટોબરમાં હજુ સુધી એફઆઈઆઈ દ્વારા શેરબજારમાં ૧૦૦૦૦ કરોડ કરોડ રૂપિયા ઠાલવવામાં આવ્યા છે. છેલ્લા સપ્તાહમાં પણ જંગી નાણાં ઠાલવવામાં આવ્યા હતા. છે. વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ વિશ્વાસ જાળવી રાખીને રોકાણનો સિલસિલો જારી રાખ્યો છે. સરકારે તાજેતરમાં રોકાણકારોને આકર્ષિત કરવા કેટલાક પગલા જાહેર કર્યા હતા. તેની પણ અસર જોવા મળી રહી છે. પહેલી-૧૨મી ઓક્ટોબર દરમિયાન રોકાણકારોએ ૩૦૬૦૫ કરોડની કિંમતના શેર ખરીદી લીધા છે. જ્યારે રોકાણકારોએ ૨૦૨૨૩ કરોડના શેર વેચી દીધા છે. જેથી નેટ પ્રવાહ ૧૦૩૮૩ કરોડની આસપાસનો છે. માર્કેટ રેગ્યુલેટર સેબી દ્વારા આપવામાં આવેલી માહિતીમાં આ મુજબનો ધડાકો કરવામાં આવ્યો છે. દેશના ઈક્વિટી માર્કેટમાં રોકાણ વધીને ૯૨૭૧૩ કરોડ સુધી પહોંચી ગયું છે. આ વર્ષે વિદેશી રોકાણકારો માટે વાતાવરણ વધારે આદર્શ બનાવાયું છે.

## છ નવી કાર બજારમાં એક સપ્તાહમાં લોંચ કરી દેવાશે

નવી દિલ્હી,તા. ૧૪

કટોકટી અને મંદીનો સામનો કરી રહેલા ઓટો ઉદ્યોગમાં હવે તહેવારની સિઝન દરમિયાન જોરદાર તેજી રહેવાના સંકેત દેખાઈ રહ્યા છે. તહેવારની સિઝનમાં વેચાણમાં વધારો કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. મળેલી માહિતી મુજબ કાર કંપનીઓ કસ્ટમરોને આકર્ષિત કરવા માટે તમામ પ્રયાસો કરી રહી છે. જેથી કસ્ટમરોને પણ રાહત થઈ શકે છે. કાર કંપનીઓ વચ્ચે હાલમાં તીવ્ર સ્પર્ધા ચાલી રહી છે. આ સપ્તાહમાં સ્થાનિક કાર માર્કેટમાં તેજી માટે કેટલાક કારણો જવાબદાર છે. જેમાં એક કારણ છે કે તમામ કાર કંપની નવી કાર બજારમાં ઉતારવાની તૈયારીમાં છે. આ સપ્તાહમનાં છ નવી કાર બજારમાં લોંચ થનાર છે. મારૂતિની નવી અલ્ટો, તાતા મોટર્સની ઈન્ડિગો માન્ઝા ક્લાસ અને સફારી સ્ટોર્મ, મહિન્દ્રાની કાર બજારમાં આવનાર છે. નવી ફોર્ડ ફિગો કાર પણ બજારમાં આવનાર છે. હોન્ડા કાર ઈન્ડિયા કોમ્પેકટ કાર બ્રિયો ૧૮મી ઓક્ટોબરના દિવસે લોંચ કરનાર છે. કંપનીની મિડ સાઈઝ સેડાન સિટીની સીએનજી આવૃતિ બાદ હવે કાર લોંચ થનાર છે. જનરલ મોર્ટસ પણ આ મહિનામાં તેની કાર સ્પાર્કની નવી સુધારેલી આવૃતિ બજારમાં ઉતારનાર છે. નવેમ્બર મહિનામાં સેલ યુ-વીએ કાર બજારમાં આવશે. સામાન્ય રીતે તહેવારની સિઝનમાં ભારતમાં કાર વેચાણમાં વધારો થઈ જાય છે. મારૂતિ સુઝુકી ઈન્ડિયાના ઓપરેટિંગ ઓફિસર મયંક પારેખે કહ્યું છે કે ગયા સપ્તાહ સુધી કંપની દ્વારા નવી અલ્ટો માટે ૬૫૦૦ બુકિંગ થઈ ચુક્યું છે. બુકિંગમાં વધુ વધારો તહેવારમાં થાય તેવી શક્યતા છે. આ આંકડો ૧૦૦૦૦ સુધી પહોંચી જસે તેવી આશા કંપની રાખી રહી છે. તેની હરિફ કંપની હુન્ડાઈ મોટર ઈન્ડિયા પણ વેચાણને તહેવારમાં વધારવા માટે નવી વ્યુહરચના ધરાવે છે. તહેવારમાં ભારતીય લોકો મોટા ભાગે જંગી ખરીદી કરે છે. છેલ્લા કેટલાક દિવસોમાં તહેવાર પર વાહનોની ખરીદીમાં વધારો થયો છે. બજારમાં તેજી રહેવા માટે અન્ય્ અનેક કારણો પણ જવાબદાર રહ્યા છે. લોકો પાસે દિવાળી વેળા આવક પણ વધારે રહે છે.



## ટોચની ૭ કંપનીઓની માર્કેટ મૂડી ૩૯૭૮૭ કરોડ ઘટી છે

નવી દિલ્હી,તા.૧૪

શેરબજારમાં છેલ્લાં સપ્તાહ દરમિયાન ટોચની સાત કંપનીઓની માર્કેટમૂડીમાં ૩૯૭૮૭ કરોડ રૂપિયાનો ઘટાડો થયો છે. શેરબજારમાં હાલ રહેલી ઉથલ-પાથલનાં પરિણામ સ્વરૂપે કંપનીઓની માર્કેટ મુડીમાં ઘટાડો થયો છે. સેન્સેક્સની ટોચની સાત કંપનીઓની માર્કેટ મુડીમાં ઘટાડો થવા માટે વિવિધ પરિબળો જવાબદાર રહ્યા છે. ટોચની સાત કંપનીઓની માર્કેટ મુડીમાં છેલ્લા સપ્તાહમાં ૩૯૭૮૭ કરોડનો ઘટાડો થતા રોકાણકારોને પણ મોટો નુકસાન થયું છે. આરઆઈએલની માર્કેટ મુડીમાં સૌથી વધારે ૧૨૪૫૭ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. તેની માર્કેટ મુડી ઘટીને ૨૬૪૯૫૭ કરોડ થઈ ગઈ છે. અન્ય જે કંપનીઓની માર્કેટ મુડીમાં ઘટાડો થયો છે તેમાં ટીસીએસ, ઓએનજીસી, સીઆઈએલ, એસબીઆઈ, એનટીપીસી અને ઈન્ફોસીસનો સમાવેશ થાય છે. બીજી બાજુ કેટલીક ટોચની કંપનીઓની માર્કેટ મુડીમાં સુધારો થયો છે. જે કંપનીની માર્કેટં મુડીમાં વધારો થયો છે તેમાં આઈટીસી, એચડીએફસી અને એચયુએલનો સમાવેશ થાય છે.



છેલ્લા સપ્તાહ દરમિયાન આરઆઈએલના શેરમાં આશરે ૪.૫ ટકાનો ઘટાડો થયો હતો. જેથી રોકાણકારોને મોટો ફટકો પડ્યો હતો. ઉર્જાની મહાકાય કંપની ઓઓનજીસીની માર્કેટ મુડીમાં પણ મોટો ઘટાડો થયો છે. તેની માર્કેટ મુડીમાં ૮૪૭૦ કરોડનો ઘટાડો થતા તેની સપાટી ૨૩૭૨૪૩ કરોડ સુધી પહોંચી ગઈ છે. શુક્રવારના દિવસે તેની બીજી ત્રિમાસિક ગાળાના પરિણામ જાહેર કરનાર ઈન્ફોસીસની માર્કેટ મુડીમાં ૭૫૯૫ કરોડનો ઘટાડો થયો છે જેથી તેની માર્કેટ મુડી ઘટીને ૧૩૭૫૬૫ થઈ ગઈ છે. આઈટીની મહાકાય કંપનીના શેરમાં તાજેતરમાં ભારે વેચવાલી જોવા મળી હતી. અપેક્ષા કરતા ત્રિમાસિક કમાણીના આંકડા નબળા રહેતા તેની અસર જોવા મળી હતી. ઉપરાંત એસબીઆઈની માર્કેટ મુડીમાં ૫૯૫૨ કરોડનો ઘટાડો થયો છે. જેથી માર્કેટ મુડી ૧૫૧૦૨૫ થઈ ગઈ છે. કોલ ઈન્ડિયાની માર્કેટ મુડીમાં પણ ઉલ્લેખનીય ઘટાડો થયો છે. તેની સપ્તાહ દરમિયાન માર્કેટ મુડીમાં ૨૫૨૬ કરોડનો ઘટાડો થયો છે. જેથી તેની માર્કેટ મુડી ૨૨૭૦૧૦ કરોડ થઈ ગઈ છે. એનટીપીસીમી માર્કેટ મુડીમાં પણ ઘટાડો જોવા મળ્યો છે. હવે આવતીકાલથી શરૂ થતા નવાકારોબારી સપ્તાહ દરમિયાન આ તમામ કંપનીઓના શેરમાં ભારે ઉથલપાથલ જોવા મળે તેવી શક્યતા છે.

કારણ કે હાલમાં બજારમાં પ્રવાહી સ્થિતી જોવા મળી રહી છે. જે કંપનીઓએ તેમની માર્કેટ મુડીમાં રકમમાં ઉમેરો કર્યો છે તેમાં આઈટીસી દ્વારા માર્કેટ મુડીમાં ૫૭૩૫ કરોડનો વધારો કરવામાં આવ્યો છે. જ્યારે એચડીએફસીની માર્કેટ મુડીમાં ૧૯૯૫ કરોડનો વધારો થયો છે. જેથી માર્કેટ મુડી વધીને ૧૪૮૭૮૪ કરોડ થઈ ગઈ છે. માર્કેટ કેપની દ્રષ્ટિએ ટોચની ૧૦ કંપનીઓની યાદીમાં આરાઈએલ હજુ પ્રતમ સ્થાને છે. ત્યારબાદ ટીસીએસ, ઓએનજીસી, આઈટીસીનો સમાવેશ થાય છે

## સલમાન વહેલી તકે લગ્ન કરે તેવી પિતાનીય ઈચ્છા

મુંબઈ,તા. ૧૪

જાણીતા પટકથાકાર અને બોલિવુડના સુપરસ્ટાર સલમાનખાનના પિતા સલીમખાને કહ્યું છે કે તેમનો પુત્ર વહેલી તકે લગ્ન કરે તેવી અમારી તમામની ઈચ્છા છે. પરંતુ સલમાન ક્યારેય લગ્ન કરશે તે અંગે કહેવુ ખુબ મુશ્કેલ છે. સલમાનના લગ્ન અંગે ભગવાન પણ વાત કરી શકશે નહી તેમ સલીમખાને કહ્યું છે. ૭૬ વર્ષીય સલીમખાને એક કાર્યક્રમના ભાગરૂપે પત્રકારો સાથે વાતચીત કરતા આ મુજબની વાત કરી હતી. મધ્યપ્રદેશ સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા વર્, ૨૦૧૧-૧૨ માટેના નેશનલ કિશોર કુમાર એવોર્ડ લેવા માટે સલીમખાન ખાંડવા ગયા હતા. આ એવોર્ડના ભાગરૂપે બે લાખ રૂપિયા રોકડ અને પ્રમાણપત્ર આપવામાં આવે છે. કિશોર કુમારના મોટા ભાગ અશોક કુમાર સાથે પોતાની મિત્રતાની યાદ કરતા સલીમખાને કહ્યું હતું કે તેમના પરિવારના તમામ સભ્યો ખુબ કુશળ હતા.

### શબ્દ સમીપે (પાના નં. ૪ નું ચાલુ)

'શૈશવનાં સૂર' બાળગીત સંચયની લાક્ષણિક્તાઓ અંગે ભીખુ કવિ સંપાદકોનાં સૂરમાં સૂર પૂરાવતાં કહે છે કે અહીં સંપાદકોએ 'ભાર વગરનાં ભણતરનાં' બાળગીતો મુક્યાં છે. જેથી બાળદોસ્તો માટે ગમતાનો ગુલાલ કરવાનો પ્રયાસ કર્યો છે. કારણ કે પ્રાથમિક શાળાનું બાળક ખૂબ જિજ્ઞાસા ધરાવતું અને ચેતનાનાં ફુવારા જેવું છે.

આ પુસ્તકની બીજી વિશેષતા એ છે કે પ્રાથમિક શાળાનાં બાળકોને માતૃભાષાનું મહત્ત્વ અને મમત્વ તો હોય જ! તેની સાથે સાથે રાઘવજી માધડ કહે છે કે તેમ દૂધની ભાષાનો પરિચય, જોડકણાં, બાળગીતો થકી આપી શકાય એની પ્રતિતી અહીં થાય છે. પુસ્તકની એક લાક્ષણિક્તા એ પણ છે કે તેમાં રાષ્ટ્રીય ભાષા હિન્દીમાં પણ દરેક વિભાગમાં બાળગીતો આપ્યાં છે. જેથી પ્રાથમિક શાળાનાં બાળકને માત્ર ગુજરાતી બાળગીતો ગાઇને સંતોષ ન માનતાં રાષ્ટ્રીય ભાષા પ્રત્યેનો લગાવ વધે તેવા હેતુસર સરસ નાનાં નાનાં જોડકણાં જેવા બાળગીતો આપ્યા છે. જે ખૂબ સારી બાબત છે.

સંપાદકોએ અંગ્રેજી ભાષાને પણ અળગી રાખી નથી. પ્રાથમિક શાળાનાં બાળકોને અંગ્રેજી ભાષાનો પરિચય થાય, વળી અંગ્રેજી માધ્યમમાં ભણતાં બાળકો જ અંગ્રેજી કવિતાઓ બોલી શકે, ગાઇ શકે એવું નહિ, પણ અંગ્રેજીનો આંતરરાષ્ટ્રીય પ્રભાવ જોતાં બાળકોને બચપણથી જ તેનાથી પરિચય કરાવવાનો પણ અહીં પ્રયાસ થયો છે.

'શૈશવનો સૂર' સંચયની ખાસ ધ્યાન ખેંચે તેવી બાબત એ છે કે તેનાં બંને સંપાદકો યુવા શિક્ષકો છે. જે પ્રાથમિક શાળાના નાનાં બાળકોને શિક્ષિત કરે છે. તેથી આ પુસ્તક તેમણે 'આપણાં સૌના બાળપણ'ને અર્પણ કર્યું છે. કેમ કે, બાળપણનું મૂલ્ય તેવો સમજે છે. તેથી જ સંપાદકો મેહૂલ કવિ અને કિરણ પ્રજાપતિ 'શૈશવનાં સૂર'નું સર્જન બીજ રૂપે પોતાના નિવેદનની જવાબદારી, એક જાગૃત વાળી અને શિક્ષકની છે. કોમ્પ્યુટર પર વીડિયો ગેમ રમાનારા બાળકોને પોતાની આસપાસનાં પ્રાકૃતિક સૌંદર્યથી ભરપૂર મજા પડે તેવાં ગીતોનો ચસકો લાગે તેવાં બાળગીતો કેમ પુરાં પાડી ન શકાય? અને તેમનાં આ પ્રશ્નનો જવાબ તેમનું આ સમૃધ્ધ સંપાદન છે. બંને યુવા સંપાદકોને અભિનંદન પાઠવું છું.

**શૈશવનાં સૂર**
**સંપાદકો - મેહુલ કવિ અને કિરણ પ્રજાપતિ**
**પ્રકાશક - સરોજ પ્રકાશન**
**મુ.પો. કડિયાદરા, તા. ઇડર, જિ. સાબરકાંઠા**
**કિંમત - રૂા. ૨૦૦/-, પ્રથમ આવૃત્તિ - ૨૦૧૨**

## આદિત્ય ચોપડા સાથે લગ્નની વાત બિલકુલ ખોટી છે : રાની

મુંબઈ,તા. ૧૪

બોલિવુડની લોકપ્રિય અભિનેત્રી રાની મુખરજીએ આદિત્ય ચોપડા સાથે તેના લગ્ન અંગેના અહેવાલને રદિયો આપ્યો છે અને કહ્યું છે કે મિડિયામાં પ્રકાશિત થયેલા અહેવાલ બિલકુલ પાયાવગરના છે. રાનીએ સાફ શબ્દોમાં કહ્યું છે કે લગ્નનો મામલો તે ભગવાન પર છોડી ચુકી છે. એક ટીવી ચેનલ સાથેની વાતચીતમાં રાનીએ કહ્યું હતું કે તેના નામને અનેક લોકો સાથે જોડવામાં આવે છે. પરંતુ તેના લાઈફ પાર્ટનર અંગે ભગવાન નક્કી કરશે. રાનીની નવી ફિલ્મ અય્યાને બોક્સ ઓફિસ પર સફળતા હાથ લાગી નથી પરંતુ રાની નિરાશ થઈ નથી. તે બોલિવુડમાં હજુ સક્રિય રહેવા માંગે છે. જાણીતા ફિલ્મ નિર્માતા યશ ચોપડાના પુત્ર આદિત્ય સાથે તેના ગુપ્તરીતે લગ્ન થઈ ગયા હોવાના અહેવાલ અનેક વખત મિડિયામાં આવી ચુક્યા છે. આ સંબંધમાં રાનીએ કહ્યું છે કે અહેવાલ પાયાવગરના છે. આદિત્ય સાથે લગ્નના સંબંધમાં વાત કરતા રાનીએ કહ્યું હતું કે તે હાલ સિંગલ છે. ફિલ્મો પર ખાસ ધ્યાન આપી રહી છે. જો કે તાજેતરના વર્ષોમાં નવી અભિનેત્રીઓ વચ્ચે રાનીની પીછેહટ થઈ છે.

## ૫ વર્ષમાં કરોડપતિઓની સંખ્યામાં જંગી વધારો થશે

નવી દિલ્હી,તા. ૧૪

ભારતમાં આગામી પાંચ વર્ષમાં કરોડપતિઓની સંખ્યામાં ભારે વધારો થવાની વાત હવે અહેવાલમાં કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૭ સુધી દેશમાં કરોડપતિઓની સંખ્યા વદીને ૨૪૨૦૦૦ સુધી પહોંચી જાય તેવી શક્યતા છે. જો કે દેશમાં ગરીબીનો આંકડો પણ ઓછા થયો નથી. અમીર અને ગરીબ વચ્ચે અંતર સતત વધી જતી નવી સમસ્યાઓ સર્જાઈ રહી છે. ક્રેડિટ સુઈસ રિસર્ચ સંસ્થાના વૈશ્વિક સંપત્તિ અંગેના અહેવાલમાં આ મુજબની વાત કરવામાં આવી છે. તેના જણાવ્યા મુજબ હાલમાં દેશમાં કરોડપતિની સંખ્યા ૧૫૮૦૦૦ સુધી છે. જો વર્ષ ૨૦૧૭ સુધી વદીને ૨૪૨૦૦૦ સુધી પહોંચી જાય તેવી શક્યતા છે. તેમાં ૫૩ ટકાનો ઉલ્લેખનીય વધારો થશે. આ અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે દેશમાં સંપત્તિની દ્રષ્ટિએ ખુબ ઉંડી ખીણ છે. ભારતમાં એક બાજુ મોટા ભાગના લોકો પાસે ૧૦૦૦૦ ડોલર અથવા તો આશરે પાચં લાખ રૂપિયા કરતા ઓછા છે. આવા લોકોની સંખ્યા ૯૫ ટકાની આસપાસ છે. જ્યારે બીજી બાજુ વસ્તીના એક નાનકડા હિસ્સા પાસે ૧૦૦૦૦૦ ડોલરની રકમ છે એટલે કે આશરે ૫.૫ કરોડની સંપત્તિ છે. આ આંકડા દર્શાવે છે કે ગરીબ અને અમીર વચ્ચે અંતર ખુબ વધારે છે. ભારતમાં સંપત્તિ વધી રહી છે. મધ્યમ વલર્ગનો દરજ્જો વધી રહ્યો છે. તેમજ અમીર લોકોની સંખ્યા વધી રહી છે. પોતાની સમૃદ્ધિને અન્ય લોકો સાથે વહેચી હોય તેવા લોકોની સંખ્યા ખુબ ઓછી છે. ક્રેડિટ સુઈસના જણાવ્યા મુજબ ભારતમાં આશરે ૧૫૦૦ લોકો ખુબ વધારે અમીર છે. તેમની પાસે આશરે પાંચ કરોડ ડોલર અને ૭૦૦ અમીર લોકોની પાસે ૧૦ કરોડ ડોલરની રકમ છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે વર્ષ ૨૦૧૨-૧૭ વચ્ચે વિશ્વભરમાં કરોડપતિઓની સંખ્યા ૧.૮ કરોડ વધીને ૪.૬ કરોડ થઈ જશે. તેમની હાલમાં વસ્તી ૨.૮ કરોડની આસપાસ છે. ક્રેડિટ સુઈસે કહ્યું છે કે વર્ષ ૨૦૧૭ સુધી કરોડપતિઓની સંખ્યા ચીનમાં બેગણી વધીને ૨૦ લાખ થઈ જશે. જ્યારે બ્રાઝિલમાં આ ગાળામાં સંખ્યા વધીને ૨૭૦૦૦૦ તઈ જશે. અહેવાલના આંકડા વિવિધ સંપત્તિને ધ્યાનમાં લઈને તૈયાર કરાયા છે.

## ઉંમર કરતાં મોટી વય નહીં દેખાય તે માટે દ્રાક્ષ જરૂરી

લંડન, તા.૧૪

આધુનિક સમયમાં મોટા ભાગના લોકો વયને છૂપાવવા માટે બનતા તમામ પ્રયાસો કરે છે. આ બાબતની નોંધ લઈને મહાકાય કોસ્મેટિક કંપનીઓ દ્વારા બજારમાં એવી દવાઓ ઉતારવામાં આવી છે જે દવાઓના ઉપયોગથી તાજગી દેખાય છે. સાથે સાથે ખૂબસુરતીમાં પણ વધારો થાય છે. પોતાની જે વય છે તે કરતાં નાની વય દેખાવવા માટે તમામ લોકોના પ્રયાસો હોય છે. હવે તાજેતરમાં જ કરવામાં આવેલા એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે દ્રાક્ષ વધારે પડતી વહેલી તકે મોટી વય દેખાવાથી રોકવામાં ભૂમિકા અદા કરે છે. નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે આ ફ્રૂટ સ્કીન કેન્સર સામે રક્ષણ પણ આપે છે.

સાથે સાથે મોટી વય નિર્ધારિત સમય કરતા વહેલી તકે દેખાતા પણ રોકે છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે આ ફ્રૂટમાં કેટલાક એવા ઘટક તત્વો છે જે અલ્ટ્રા વોયલેટ રેડીએશનથી સેલનું રક્ષણ કરે છે. સૂર્યના તાપના કારણે અલ્ટ્રા વોયલેટ રેડીએશન નીકળે છે જેનાથી સ્કીન ઉપર માઠી અસર થાય છે. આનાથી સ્કીન કેન્સર થવાનું સંકટ પણ રહે છે. દ્રાક્ષની અંદર એવા ઘટક તત્વો છે જે મોટી વય દેખાતા રોકવામાં ભૂમિકા ભજવે છે.

### નર્સ... એક પ્રેતકથા (પાના નં. ૪ નું ચાલુ)

ગિફ્ટમાં સુખડના હાર સાથે મોનિકાની તસ્વીર હતી. નીચે લખ્યું હતું. 'ફક્ત તમારા જ માટે.' ડોક્ટર ડઘાઈ ગયા અને બહાર આવ્યા અને ગેલરીમાંથી નીચે જોયું તો શિલ્પાબેન ગાડીમાં બેસવા જતાં હતાં. પણ તે સહેજ ખમચાયા, ઉભા રહ્યા અને ઉપર ડોક્ટર સામે જોઈ હસીને ગાડીમાં બેઠા અને તેમની ગાડી સરકી રહી હતી.

ડોક્ટર પરસેવો લૂછતાં અને વાત ન સમજાતાં માથું ધુણાવતાં તેમની કેબીનમાં દાખલ થયા. વિચારના પુર તેમના મગજમાં આવી રહ્યા હતા. કેબીનમાં પ્રવેશતાં જ તેમની આંખો ફાટી ગઈ. તેઓના શરીરમાંથી કંપારી છૂટી ગઈ. તેમણે જોયું તો મોનિકાની તસ્વીર સુખડના હાર સાથે દિવાલ ઉપર લટકતી હતી. મોનિકા તેમની તરફ જોઈ સ્મિત કરી રહી હતી.

તે એકદમ ગભરાઈ ઉઠ્યા તરત તેમણે બ્રીફકેશ લઈ હોસ્પિટલની બહાર નીકળી ગયા અને સૌને ટૂંકમાં સૂચનાઓ આપતા ગયા.

થોડાક ગભરાતા તેઓ ગાડી ડ્રાઈવ કરી જઈ રહ્યા હતા ત્યારે પાછળ દવાખાનાના છત ઉપર કોઈ ઓળો ઉભો હતો.

દિવસ પૂર્ણ થયો હતો અને રાત્રીની શરૂ થઈ હતી.નાઈટ ડ્યૂટીવાળો સ્ટાફ હાજર થઈ ગયો હતો.

દરેક દર્દીની વ્યવસ્થિત દેખભાળ લેવાઈ ચૂકી હતી. સમય પ્રમાણે દર્દીઓ તથા સૌ ઊંઘવા તરફ પ્રવૃત્ત હતાં. વધારાની લાઈટ બંધ થઈ ગઈ હતી. લોબીમાં ડીમ લાઈટ ચાલુ હતું. રૂમમાં લાઈટો બંધ થઈ ગઈ હતી.

મેઈન હોલમાં સૌ પોતપોતાના કામમાં વ્યસ્ત હતાં. ત્યાંજ મુખ્ય દરવાજામાંથી કોઈકનો પ્રવેશ થતો હતો. લોહી નીતરતું શરીર, બરછટ વાળ, ભૂરી ફિક્કી આંખો અને સફેદ વસ્ત્રો તથા વિચિત્ર ગંધ વાળું તે શરીર કોઈકનું પ્રેત હતું.

તેને જોતાં સૌ ઓળખી ગયાં. કેમકે તે મોનિકાનું પ્રેત હતું. કાંપતા, ધ્રુજતા તેના વિકરાળ સ્વરૂપથી ત્યાં હાજર સૌએ ચીસાચીસ કરી મૂકી. એક બે નર્સ બેહોશ બની ગઈ હતી. સમગ્ર હોસ્પિટલમાં ભારે કોલાહલ અને ભય પ્રસરી ગયો હતો. સ્ટાફ તથા દર્દીઓનાં સગાવહાલાંથી મધ્ય હોલ ભરાઈ ગયો હતો. કોઈને કશી ખબર પડતી ન હતી. જો કે મોનિકાનું પ્રેત ત્યાં ન હતું.